# એડમિશન કેવી સંસ્થામાં લેશો ?

પરિણામની સિઝન ચાલી રહી છે. તે સાથે જ પ્રવેશની સિઝન પણ શરૂ થાય છે. સારું કે નબળું પરિણામ મેળવનાર તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓની એક માત્ર ચિંતા અત્યારે પ્રવેશ શેમાં લેવો અને કઇ સંસ્થામાં લેવો તે હશે જ. પ્રવેશ શેમાં લેવો તે તમે વિચાર્યું હશે જ પણ કઇ સંસ્થામાં લેવો તે પણ એટલું જ અગત્યનું કાર્ય છે.  આજે વિદ્યાર્થીઓ અને વાલીઓનું ધ્યાન દોરવું છે કે કેવી સંસ્થામાં પ્રવેશ લેવો ?

મોટાભાગની સંસ્થાઓમાં પ્રવેશ મેરિટ લીસ્ટના આધારે અપાય છે. આમછતાં પોતાના ક્રમાંક પર ઘણાં વિદ્યાર્થીઓને સંસ્થા પસંદ કરવાની તક મળતી હોય છે. તો કઇ સંસ્થામાં પ્રવેશ લેવો તે માટે એડમિશનના દિવસે જ વિચાર કરવો તે ડહાપણભર્યું કામ નથી. અત્યારથી જ અનુમાન લગાવી લેવું જોઇએ કે કઇ કઇ સંસ્થામાં પ્રવેશ મળવાની શક્યતા છે. ત્યારબાદ તે દરેક સંસ્થા વિશે વિશેષ ખાતરી કરો કે ત્યાં અભ્યાસકીય વાતાવરણ કેવું છે. એટલું યાદ રાખો કે, તમે નવી સંસ્થામાં પ્રવેશ લો છો તે પાછળનો હેતુ માત્ર ડિગ્રી જ લેવાનો નથી, પણ તમે જે અભ્યાસ કરો છો તે પ્રવાહના વિવિધ કૌશલ્યો પ્રાપ્ત કરવાનો છે. અહીં એક ખાસ ભવિષ્યવાણી પણ કરું છું કે, આવતા વર્ષોમાં તમારી પાસે કઇ ડિગ્રી છે તેના મહત્વ કરતાં તમારામાં કેટલી આવડત છે તે વધુ મહત્ત્વનું સાબિત થશે. હવે પછી નોકરીની તકો શોધતા ઉમેદવારને મોટાભાગે ખાનગી કંપનીઓમાં નોકરીની વધુ તકો મળશે. ત્યારે ખાનગી કંપનીઓ તમારી પાસે કઇ ડિગ્રીમાં કેટલા ટકા આવ્યા છે તેના કરતાં તમારી પાસે કયા કૌશલ્યો છે, તમારામાં કેટલી આવડત કે શક્તિઓ છે તેના પર જ વધુ ધ્યાન આપશે. જેથી પુસ્તકીયો કીડો બનીને વધુ ટકા લાવનાર કદાચ રખડતા હશે, પણ પુસ્તકો કરતાં પ્રાયોગિક કાર્યને વધુ મહત્વ આપનાર ઓછા ટકા ધરાવનારને ઝડપથી નોકરી મળી જશે. આ બાબત માત્ર નોકરી માટે જ લાગુ પડતી નથી તમારે પોતાનો કોઇ વ્યવસાય કરવો હશે તો પણ તમને સૈદ્ધાંતિક કરતાં પ્રાયોગિક બાબતો જ વધુ મહત્ત્વની સાબિત થશે. માટે જ આગળ અભ્યાસ કરવાનું લક્ષ્ય માત્ર ડિગ્રી ન રાખતાં કૌશલ્યને રાખો. જેથી માત્ર ડિગ્રી અપાવતી સંસ્થા કરતાં કૌશલ્યો ખિલવતી સંસ્થામાં પ્રવેશ લેવાનો આગ્રહ રાખો. આ માટે નીચેના જેવી બાબતો વિશે જાણકારી મેળવો.

અભ્યાસ પર વિવિધ પરિબળો અસર કરે છે. જેમાં ભૌતિક વાતાવરણ પણ અગત્યનો ભાગ ભજવે છે. જેથી તમે અગાઉથી કેટલીક સંસ્થાઓની મુલાકાત લઇને કે જૂના વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી શકો છો. સંસ્થાનું બિલ્ડિંગ અભ્યાસ કરવામાં સરળતા ઊભી કરે તેમ છે કે અવરોધ પહોંચાડે તેમ છે તે જૂઓ. એટલું જ નહીં સંસ્થામાં વિવિધ પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો અને ખાસ તો ઇન્ટરનેટની સુવિધા છે? માત્ર સુવિધાથી જ નહી ચાલે જે તે સુવિધાનો ઉપયોગ પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ કરી શકે તેવું વાતાવરણ અને આયોજન છે? સુવિધા હોવી અને તેનો ઉપયોગ થવો તે બંને બાબતો ખૂબ જ મહત્ત્વની છે. કેટલીક સંસ્થામાં વિવિધ સુવિધાાો હોય છે, પણ વિદ્યાર્થીને ઉપયોગ કરવા દેવામાં આવતો નથી. તો એવી શોભાના ગાંઠિયા જેવી સુવિધા શું કામની? આ માટે તમે ત્યાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી શકો છો. મકાનના ઓરડાઓ પૂરતા પ્રમાણમાં અને અભ્યાસ વખતે મનને શાંત રાખે તેવા છે? નહીં તો બહારથી આકર્ષક લાગતા પણ અંદરથી ખોખલા ઓરડાઓ તમને ગમશે નહીં તો તમને નિયમિત હાજરી

આપવાની ઈચ્છા જ નહીં થાય. સંસ્થા સ્વચ્છતાનો કેટલો આગ્રહ રાખે છે. સ્વચ્છતા એ સંસ્થાની માનસિકતા વ્યક્ત કરે છે.

સંસ્થામાં સ્ટાફ પૂરતા પ્રમાણમાં છે કે નહીં તેની ખાતરી કરો. એટલું જ નહીં સ્ટાફની સંસ્થા અને વિદ્યાર્થી પ્રત્યેની વફાદારી વિશે પણ જાણો. સ્ટાફ પૂરતો હોવો એટલું જ જરૂરી નથી. સંસ્થામાં કામ કરતાં માનવો વચ્ચેના આંતરસંબંધો પણ વિદ્યાર્થીના અભ્યાસ પર સારી-ખોટી અસર કરે છે. ઝગડા કે કિન્નાખોરીમાં રાચતો માનવ ક્યારેય બીજાનું ભલું ન કરી શકે. આ ઉપરાંત તેની પણ ખાતરી કરો કે સંસ્થાના આચાર્ય કે ડાયરેક્ટર પૂરતો સમય સંસ્થામાં હાજર રહે છે? નિયમિત આવે છે? સંસ્થા સરકારે નક્કી કરેલા સમય સુધી ચાલે છે? દરેક તાસ નિયમિતપણે લેવાય છે? સ્ટાફ પૂરતો સમય કોલેજમાં રોકાય છે? વિદ્યાર્થી નિયમિત ન હોય તો તે માટે વિદ્યાર્થી પર જરૂરી દબાણ કરે છે? કેટલીક સંસ્થા અને કેટલાક વિદ્યાર્થીને નિયમિતતા કરતાં અનિયમિતતાભર્યું વાતાવરણ વધુ લાભપ્રદ લાગતું હોય છે. પણ સરવાળે તે બંને માટે નુકસાનકારક સાબિત થાય છે. જે સંસ્થા વિદ્યાર્થી કામ ન કરે તો પણ ચલાવી લેવામાં માનતી હોય તો તેવી સંસ્તામાં બને ત્યાં સુધી પ્રવેશ ન લો. હોસ્ટેલની સુવિધા વિશે પણ યોગ્ય જાણકારી મેળવો. રહેવા માટેના રૂમનું ક્ષેત્રફળ અને તેમાં આપવામાં આવતી સગવડતાઓ તમારા અભ્યાસ માટે ખૂબ જ મહત્ત્વના સાબિત થશે. હોસ્ટેલ અને કોલેજમાં વાતાવરણ સ્વતંત્ર હોય તે સારી બાબત છે, પણ તે સ્વચ્છંદ ન હોવું જોઈએ. સાથે સંસ્થાને પોતાનું મેદાન હોય અને તેમાં રમતગમત માટેની સગવડો હોય અને પ્રાકૃતિક વાતાવરણથી ભર્યુંભાદર્યું હોય તે અભ્યાસમાં ખૂબ જ મદદરૂપ થશે. સાથે જૂના વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવજો કે, તે સંસ્થા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે કઈ કઈ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કરાવે છે. યુથ ફેસ્ટિવલ જેવા કાર્યક્રમમાં ભાગ લે છે? વિદ્યાર્થીને રમતગમત કે સાંસ્કૃતિક બાબતમાં આગળ વધવા વિશિષ્ટ સગવડતાઓ આપે છે? એટલું જ નહીં અભ્યાસમાં કે અન્ય બાબતમાં આગળપડતાં વિદ્યાર્થીને આર્થિક સહાય કરે છે? સંસ્થા શરૂ કરવા માટેનો હેતુ શું છે તે જાણો. જો શૈક્ષણિક કે સામાજિક હોય તો તે અતિઉત્તમ, પણ કેટલીક સંસ્થાઓ પૈસા કમાવા માટે શરૂ થયેલી હોય તો ત્યાં વધારે કાળજી લો. તેઓ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપતા હોય તો કેટલાક પૈસા ભૂલી જવામાં વાંધો નથી. સંસ્થા જોબ પ્લેસમેન્ટ માટે પ્રયત્નો કરે છે કે કેમ તેની પણ નોંધ લો. "નામ મોટા પણ દર્શન ખોટા" જેવું ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. કેટલીક નાની સંસ્થાઓ પણ કામ મોટા કરતી હોય છે. તમારા ભવિષ્યનો આધાર તમે પસંદ કરેલ પ્રવાહ અને સંસ્થા પર છે. તેમાં તમે સફળ નિવડો તે જ શુભેચ્છા.